રૂપસિંહ કનકદેવી
વિરહ નાટક

ભાગ ૧ લો

ભજાવનાર.

પાંડે. ગણપતરામ નરભેરામ કઠલાલના

છપાવી પ્રસીદ્ધ કરનાર

કરના પોતે

અમદાવાદમાં.

મદનગોપાળની હવેલી આગળ રાયબહાદુર. મ
ગનભાઇ કરમચંદના મકાનમાં શા. છગનલાલ
હેમચંદે પોતાના "વિક્ટોરીયા પ્રેસમાં"
છાપી પ્રસિદ્ધ કરી.

સને ૧૮૮૭—સંવત ૧૯૪૩

કીમત રૂ. ૦—૧—૦

અરપણ પત્ર.

મેહેરબાન રા. રા. ખંડુભાઇ ઇંદરજી સ્ટેટ વકીલ

મુ૦ પાલીતાણા.

આપ સ્વદેશ કલ્યાણના કાર્યમાં ઉત્સાહી નીતીના લખાતા
ગ્રંથોને યોગ્ય આશ્રય આપવા તત્પર, ગુજરાતી ભાષાના
ગ્રંથકારોને આશ્રય આપવામાં આપની નાણા સબંધી
ઉદારતા અને વિદ્યાવૃદ્ધિના કામમાં આગળ પગલું
ભરવા ઉત્સુક છો, ઉપરના પરમ વાક્યનો પ્રબળ
હેતુ સર્વાંગે સ્વીકારેલો છે અને આપની
મનોવૃત્તિ મારા પ્રતિ પ્રીતીવંત છે
એમ માની આ રૂપસિંહ-કનકદેવી
વિરહ નાટક પુસ્તક આપને સ્ને
હ પુર્વક અર્પણ કરૂછુ તે
માન્ય કરશોજી.

તા૦ ૧૨—૨—૯૭

આપનો આજ્ઞાંકીત સેવક
પાઠક ગણપતરામ નરભેરામ

આ ચોપડી રચવામાં મને મારા મિત્રે સહાય કરેલી તેથી તેનું નામ હું નીચે જાહેર કરૂછું.

મેહેતા મોતીલાલ નાથજી ઉરફે ગુલફામ ડાકોર. ગુણગ્રાહક સુભેચ્છક મંડળીના રાઈટર

વિનંતીપત્ર

પ્રિયભાઈ

પ્યાર એ દુનિયામાં એવી તો વસ્તુ છે કે જે તેના પંઝામાં સપડાયો તેને પ્યાર ચુકાવી છલંગ મારી બહાર નીકળી જવું એ ઘણું મુશીબતનું કામ છે. તમોને માલમતો છેજ કે પ્યારને લીધે ઘણાક આશકોએ એ પોતાની પ્રિય માશુકને જાન આપેલા છે. તો તેજ રીવાજને તેમજ તમારી પુસ્તક રચવાની મરજીને અનુસરીને તમારા પેહેલાજ પ્રયત્નથી રચેલી આ લઘુ પોથીમાં આપણી પ્રીતીની મજબુત બંધારણની નિશાની તરીકે મારૂં નામ જોડી રાખુછું. તે માન્ય કરશો.

લી. આપનો સ્નેહાંકિત બંધુ.

મહેતા મોતીલાલ નાથજી ડાકોર.

નાટકનાં પાત્રો.

શીતલપુર.............................નગરી.

સુત્રધાર.............................નાટકાચાર્ય.

વિદુશક.............................મશ્કરો,

સીધરાજજયસીંહ.....ગુજરાતનો ચાવડાવંશનો રાજા.

ફુલસિંહ....................ચાવડાવંશનો અમીર.

નુરમીયાં.............................સિપાઇ.

ખેંગારસિંહ..................ચાવડાવંશનો અમીર.

કમળાદેવી..........................ખેંગારની સ્ત્રી

કનકદેવી.......................ખેંગારની કુંવરી.

રણજીતસીંહ.......................ચાવડાનો અમીર.

રતનશીંહ... ....રણજીતશીંહનો કુંવર.

જલદશીંહ..................ખેંગારશીંહનો ભત્રીજો.

મોહનશીંહ.....................જલદશિંહનો મિત્ર.

દાસી...............................કનકદેવીની

અજીતશીંહ.................. સોલંકીવંશનો અમીર.

રૂપશીંહ.....અજીતશીંહનો કુંવર ને કનકદેવીનો યાર

ગુલાબસિંહ.............. }
ચતુરશીંહ............... } ....રૂપશીંહનો મીત્ર.

રૂદ્રરામ.............................ધર્મગુરૂ

વિજયદેવી...........................રૂપશીંહની પ્રથમરાખ

સ્તુતિ.

બનજારા.

જયશંકર આનંદકારી, હું વંદુ તને શિરનામી; ટેક.
તુજ અકળકળા મેં ધારી, તું સદાયછે સુખકારી.
સ્તુતો એ મુજ મતિ નિરામી, હું વંદુ તને શિરનામી જય૦
જયસકળ વિશ્વના સ્વામી, સુખકાર અવિચળધામી;
શંકર તું સહુ ગુણગામી, હું વંદુ તને શિરનામી. જય૦
ના જાય કળા વિસ્તારી, નમું હર્ષ થકી ત્રિપુરારી;
હિતકારક નિયમો પામી, હું વંદુ તને શિરનામી. જય૦
તુજ ભક્તિ કરે નરનારી, દે સુખ શાર્ણાંગત ધારી;
તુજ પ્રેમ કરૂણા પામી, હું વંદુ તને શિરનામી. જય૦

રૂપાસિહ કનકદેવી

વિરહ નાટક

ભાગ ૧ લો.

અંક પેહેલો.

પ્રાર્થના.

સારદુલ વિક્રીડીત છંદ,

મૈયા તું અનેક દુઃખ હરણિ, ભક્તોની તું તો ખરી.
હંસા વાહનકર ચુડી હર્ષથી, વંદુ સદા સુંદરી.

દોહરો.

ગણનાથ ગણેશ તું દેવ તણોકે દેવ,
પ્રથમ નમી હું તુજને, કરૂં તાહરી શેવ.

ભુજંગી છંદ.

અહો વિશ્વ બંધૂ વગેરૂથ ત્રાતાં,
અમો પ્રાણિઓની સુધારો નિવાચા:
લહુ શું કથી ઝૂજ બૂદ્ધિ હમારી
ચડોરંકવારે લિધી હામ ભારી.
રચ્યૂ ગ્રંથ નાનો થઇ હામ હૈએ,
અમો બાલકો આપ નાખૂશ થૈએ.

સુત્રધાર—

અહાહા ??? આપ સઘળા સભાસદો બીરાજેલા જોઇ મારા મનને અતીજ આનંદ થાય છે અહો આ પાણા જ્ઞાતી ભાઇઓ તથા હીંદુઓમાં શું કુસંપરૂપી દુ:ખનાં ઝાડ ઉગેલાં છે! તે હવે થોડી વખતમાં જડ મુળથી નાશ પામશે. (એટલામાં વીદુશક આવે છે.)

સારદુલ વિક્રીડીત છંદ.

મૈયા તુ સંપુર્ણ યત્ન કરજે છે આશ તારી મને,
કરતું વાસ જીભ્યાએ આવી; આ ખેલ સારો બને
કરજો મૈયા સહાય આ ઠેકાણે લીધુ કઠિણ કામ છે,
શેવક તારાએ ગ્રંથ રચવા પ્રીતે ધરી હામ છે.

(એટલામાં વિદુશક દાખલ થાય છે)

વીદુશક—

(વિચીત્ર પોશાક પહેરી ખોટા મત્ર મુકતો; રંમ ઝુ

મીમાં પ્રવેશ કરી—આજુબાજુ આશ્ચર્યતાથી જોઇ મો ટેથી બોલે છે] અત્રસ્થ્યને કાય સબબ આયા-ઇકકુન તીકકુન ખેલ બનાયા (એમ બોલી કુદવા તથા ના ચવા માંડે છે.)

સૂત્રધાર—

અરે ભાઇ તમે કોણ છો ? તમે તો કાબેલ તથા સ વળી ભાષામાં બડા હોંશીયાર માલમ પડોછો તે કોણછો ?

વીદુશક—

હમકુ ક્યા બાત બોલતા હે,—હમકુતો બડીબી શો ખ નહી હે, ઓર છોટીબી શોખ નહી હે,

સુત્રધાર—

અરે એવા ખોટા અર્થના અનર્થ શા કરોછો, હું તો કહુછું કે તમે કોઇ પ્રવીણતથા શોખીન જણાઓછો.

વીદુશક—

ત્યારે પ્રથમથી ભસને મેર, પેહેલથી કુતરાની પેઠે ભસ્યો હોતતો શું કરવા આટલી ૯ક કરવી પડત. બસ બસ હવે હું સમજ્યો (એમ કહી સુત્રધારના કા ન પકડવા જાય છે.

સુત્રધાર—

અરે તું કેવો બેવકુફ માણસ છે કે આવી ભરસભા માં અપશબ્દો બોલી બેઅદબી કરે છે,

વીદુશક—

અરે ! હું નીશાળ જતોકની ત્યારે પંડ્યાજી બ-
ધાં સોરાંને રજા આપતી વેળાએ બેડા ભાણી અવળા
ફેરાવતા તેથી મેં આજ તમને બેવકુફ કર્યા અને બે
આદપ કર્યા-જો કે એકથી બે વધારે—અધીકસ્ય અ
ધીકફ્લં—વળી બંદાનુ તો નામ બેવકુફ અને જંગલી
તુતો મારી બંગલી (એમ કહી ખુબ હસે છે.)

સુત્રધાર—

તમે નિશાળે જઇને શું લીલુ વાળીતા હશો ?

વીદુશક—

જો લીલુવાળ્યુ છે તે સાંભળ-યુ.-ડેમ-ફુલ-રાસ્કલ-
ઇડીઅટ-બગર—એસ-એલ-ગુઝ-સ્ટુપીડ ડોગ-(એમ
કહી ખુબ હસે છે)

સુત્રધાર—

ભાઇ મેં તને નામ પુછ્યું એટલામાં તેંતો ગાળોરૂ
પી વરસાદની વૃષ્ટી વરસાવી; વીવાની વરશી શા મા
ટે કરે છે,

વીદુશક—

થશે વરસાદ તો ખાશો, નહી તો પાછા જાશો.

સુત્રધાર—અરે ? આતો કોઇ ત્રિપાદ જણાય છે

વીદુશક—

તારો બાપ ત્રિપાદ, તુમ ત્રીપાદ, તુમેરીસ્ત્રી ત્રીપા

દ, ઓર બંદા તો છ પાદ,

સુત્રધાર—

ભાઇ મારૂં તો માથુંએ દુખવા આવ્યું.

વીદુશક—

માથુ દુખશે તો ઝટાની અયડ ચટાડીશ,

સુત્રધાર—

ભાઇ હવે બધી જક જવા દેઇને મારા નાટકમાં દાખલ થઇ હું જે વખત તને બોલાવું તે વખત અહીં આં દાખલ થજે,

વીદુશક—

હા વળી બંદા થાય તો ખરા પણ તું બંદાનુ કામ કરીશ. ?

સુત્રધાર—

હા ભાઇ હા—તું કહીશ તે કરીશ કારણ તું મારા ખેલમાં ઘણો રમુજી છે.

વીદુશક—જો પ્રથમ તો ડુંગર પાણી જોઇએ, ધકકેલ બાટલી જોઇએ, ઓર ઉપર મીઠાઇ જોઇએ કેમ હાકે ?

સુત્રધાર—

હાહા ભાઇ હા (આલે આપુ એમ કહી લેઇ જાયછે)

દુહો

શીતળપુરનો રાજીયો, શીશ્નરાજ સુભનામ;

કરે રાજ કોડામણું, હર્ષ ધરી તે ઠામ.
જાત અરાડ વામો વસે, રાજાને બહુ નેહ;
પુન્ય દાન થાએ ઘણું, માગ્યા વરસે મેહ.
સોલંકીને ચાવડા. દીસે લોક અપાર;
બન્નોમાં વધી ગયો, માંહો માંહે ખાર.
પૂર્વજથી તો ચાલતુ આવ્યું છે તે ઠામ,
દેખે આંખ કરે નડી, ક્રોધ•વાત્રે સુણિ નામ.
સોલંકીનો જંનજો, દેખે ચાવડા જાત,
અરસ પરસ ઈર્ષાથકી, થાય ઘણો ઉતપાત.
સોલંકીના દાસને, જુવે ચાવડોદાસ.
માંહો માહે તે લડે, કરે જીવનો નાસ.
એવી રીતે ત્યાં બને, દુ:ખી સૌસંસાર,
લડા મરે છે ચાવડા, સોલંકી નિરધાર.

રાગ ભરવાનો જીલ્સો

રૂપસિંહ બોલ પ્યારો આપણે બજાવિએ—ટેક
ખાર દુરગુણ અથ ઇતી દરશાવીએ;
આપી સત્ય બોધ સુભ ફરજ બજાવીએ.—રૂપશીંહ
પ્યાર પરસ્ત્રી સાથ કરવા ન લુભાઇએ,
કૃત્ય સાહસીકથી આબરૂ નં ગુમાઇએ;
ભ્રમ અવિચારયું કરી પછે પસતાઇએ. રૂપશીંહ

પ્રવેશ—૧ લો.

સ્થળ રંગભુમી:

અજીતશીંહ રૂપશિંહ અને પછીથી તેના સભાસદો

અજીતસીંહ—

(મનમાં વિચાર કરે છે) અરે આટલા દીવસથી મા
રી અને ફુલસીંહની વચ્ચે વિગૃહ ચાલે છે તેમ
છતાં તેનાથી કોઇપણ દીવસ કોઇરીતે માહારૂ અપમાન
થયું નથી તો હવે આપણે આપણા કુટુંબના સઘળા
માણસો સહીત ચાવડાવંશનો અમીર ફુલસિંહ જે મા
રી વિરૂદ્ધ છે તેનું અપમાન કરવા માટે મોતી બાગમાં
કાલે સવારના દસ વાગતાં મોટી ધામધુમથી અને બા
રૂ દબદબાથી જવું, અને તે સ્થળે ગાયન નૃત્ય વિગે
રે આનંદમય ક્રિડા કરી, હર્ષથી મિજબાની કરી, વિધ
વિધ પ્રકારના સ્ત્રી પુરૂષે રમુજી વિલાસો કરી આનંદમાં
દિવસ ગુજારવો.)

અજીતસીંહ—

(જાહેર) વ્હાલા પુત્ર રૂપશીંહ કેમ તારો શો મતછે
કાલે આપણે મોતીબાગમાં સહકુટુંબ જઇને મિજબાની
કરવાનો વિચાર છે માટે તું તારા મીત્ર ગુલાબસીંહને

અને ચતુરશીંહને કાલે સવારે દસ વાગતાં બીજબાની ને માટે તૈયાર થાય એવું આમંત્રણ જલ્દીથી કરી આવ. તેની સાથે આપણા કુટુંબના સઘળા માણસોને પણ આમંત્રણ દઇઆવ.

રૂપસીંહ—પિતાજી આપની આજ્ઞાશીર ચડાવુછું
(જાયછે અને સર્વને આમંત્રણ દઇ આવે છે.

રૂપસીંહ—[સ્વારીનો વખત]

ગઝલ.

કરો પ્યારારે તૈયારી, જવા હર્ષે સહીત સ્વારી,
નચાવો હય શણગારી, બને ચાવડા જખમકારી. કરો,
જવાને બાગની અંદર, ધરો શણગાર દીલે શુંદર;
કરો બગીઓને રથ તૈયાર, ગલે ડાલો ફુલનકા હાર. કરો,
કરો તૈયાર સૌ સામાન, દેખી ચાવડા બને બેભાન.
નરાધમ કશી અરે ન્યુનતા, બની ગુલતાન કરો નીચતા. કરો,

(સરવે અશ્વ ગાડી વીગેરે શણગારી બારે દમદમા થી વાજતે ગાજતે બાગની નજીક આવી પહોચે છે. અને અંદર જઇને બગીચાના મધ્ય ભાગમાં એક સુંદર મહેલ છે કે જે આનંદમય, મનને શીતલ કરનાર, અને સુશોભિત મોગરો, ગુલમાસ, જાય, જુઇ, અને કે

વડાઓની મધ્યમાં જેવી રીતે મહાસાગરની અંદર કમલ શોભે તેવી શોભા આપે છે ત્યાં આગળ સ્વારી ઉભી રેહેછે અને અંદર જઇ મુકામ કરે છે.

તોટક છંદ.

શુશોભીત બાગ દીસેજ ઘણો, મનરંજનનું વાસ સુગંધતણો;
કેતકી ગુલબાસ દીસે કેવડો, ખેર ખાખર સીસમને સદડો,
મોગરો માલતી મુજકુંદ વળી, રામફળ શીતાફળને કદળી;
ચંપો ડમરો સુખકાર અતી, જાઇ જુઇ તણો કાંઇ પાર નથી;
નિર્મળ સરોવર શોભે મહીં, બગલાં બતકોને ચકોર સહી;
સુડા વળી પોપટ માતંગ મોર, કરે ટૌકા ઘણા કોયલ સોર.

—******—

રાગ ઇંદરસભામાં ગવાતો.

ગાઓ ભાઇઓ પ્રેમથી તમે મુકીદઇને શર્મ,
હશી બોલી ક્રીડા કરો અનુસરીને ધર્મ,
આ અવસર રળીયામણો ફરી ન આવે યાર,
દીન રમુજી આજનો રમો ધરીમે પ્યાર.
નત્ય કરોને ભાવથી તમે નેપુરબાંધી પાય,
ગ્રૂહેકર નર નારીનો સુંદીર શોભે કાય;
જુવાન સરવે સાથ મળીને ભજવો આજે ખેલ,
દેખો આનંદ ઉપજે થાએ રંગનીરેલ.

અજીતસીંહ-

[કુટુંબ સહીત મીજબાની જમી પાછો પોતાના મુકામે જાય છે. અને તેના દુશ્મન ચાવડાને જાહેર થાય છે. પછી તેમના મનમાં ગુસ્સો આવવાથી તે અજીતસીંહની સામે મુમત બાંધીને પોતે મીજબાની કરવા તૈયાર થાય છે.)

પ્રવેસ બીજો

પડદો પડે છે

સ્થળ મેહેલ.

ફુલસીંહ—

ખેંગારસિંહ-તુરમીયાં પછીયા રૂપસીંહ તેના મીત્રો કનકદેવી અને જલદસિંહ,

(એ શું વદાછો ;વડીલ—એ રાહ)

ફુલસીહ—

નથી નથી નથી કુટુંબ પરીવાર શું નથી.
સોસંકી આજ કાલનો મુજથી બીતો નથી. નથી
મ્હોળુ પહોળુ સગુ મુજ ગામમાં ઘણું:
મહીમાં રાજ સિધરાજ છે સગવથી, નથી,
અમીર ધિરવીર ફુલસીંગ હુંયકું.

એ જાય લાજ મારી તોપછી જીવવું નથી; નથી
સો સાથ હાથ મીલાવી જઉ બાગમાંજ હું,
નવી નરે શોભા ઘણી કરૂં હું એ થકી નથી
શું ટોટો ધન માલનો મુજ ઘરમાં આવીઓ,
માણસની શું તંગી મુજ કુટુંબમાં અતી. નથી.
સીપાઇ બગી રથ હય ઘરમાં ઘણા,
શુર વીર ધીર ચાવડા મુજ શું અતી નથી. નથી
એનાથી સર્વ હર્ષભેર હું જઉ તહીં.
પુર્વજની લાજ જાત તાતની ગૂડું જતી નથી.
સીપાઇદાસ ચાકર મારા કહાં ગયા,
હાજર કયાં ગયા જણાતા કેમરે નથી, નથી,

જુરમીમાં

ગાતી હુમેં ઓર નાચ એ (૨ ૬)

મહારાજા શીરાજ કીજીએ કાંઇ મુજ સરખું કામ.

કૃપાનાથ હજુરમાં ઉભોછું આપનો ગુલામ. મહારાજા

કુલસીંહ—

[રાગ ઉપરનો)

જવાને બીજબાની એ ચમનની મહીં,
હાને વંશ ચાવડાને જાય હર્ષથી .
એંગારને આ ઠાર ઝટ બોલાવીને આવ,
તેડે અમીર કુલસીંહ જાંઓની સર્વથી નથી

(નુરમીયાં ખેંગારસીંહને આમંત્રણ કરે છે અને સર વેને નોતરાં દઇઆવે છે)

(સરવે જાય છે)

ફુલસિંહ—

બનજારા.

ગીનો સરવે કરો તૈયારી, શણગારી ચડાવો સ્વારી;
કાંઇ ખોડખાંપણ નવ આવે, શોભા જેથી સરસ જણાવે.
ધરી દીલ વીરો હામભારી, શણગારી,
કરો ઉત્સવનાના રંગે, ખાઓ કરો ખુબીઓ ઉમંગે,
વધે લાજ આપણી ભારી. શણગારી.
(સર્વે સ્વારી ચડાવી અતી હર્ષે બાગ તરફ જાય છે.)

(રાગ ઉપરનો)

ચાલ્યા સરવે સજી શણગારો, દીસે એક એકથી ન્યારો;
કોઇએ છુટા મુકયા છે કેશ, દીસે જુવાન બાળે વેશ.
ધરી સુવસ્ત્ર લંકાર સારો દીસે એક,
કોઇ ખેલાવે અશ્વ ચોપાએ, ઘુઘરાના ઘણકારા થાએ;
કોકીલા સ્વર કંઠ લલકારો દીસે એક,
સરવે નારી કરે ગુલતાન, શરીરનું નથી કાંઇ ભાન;
શું કથન કરૂં દીલધારો. દીસે એક,

(સ્વારી બાગમાં આવે છે અને જઇને મુકામ કરી મોજમાની કરે છે.

કુળસિંહ—

હુમકું છાંડચલે બનમાધુ એ (રાહ)

હર્ષ ધરીને ગાઓ ભાઇ સૌ, ઉમંગ મનમાં લાવોરે,
જુવાનીઆ સૌ બાળવેશે, તાતા થેઇ નચાવોરે. હર્ષ.
ઘુઘરીનો રણકો ઝાંઝરનો ઠમકો, સારંગી શાખ પુરેરે;
મૃદંગ ઢોલક ઝાંઝને નર્ઘા, વાગે સતાર અતી સુરેરે, હર્ષ
નરનારી જે સંગરે ચાહે, તે શું હસ્ત મીલાવોરે;
આનંદમય અતી ઉમંગ લાવી, ખુશી થકી ખુબ ગાવોરે હર્ષ
કુનકરે દેવી અતી રૂપવંતી, ભર જુવાનીમાં ભામનીરે;
કોણ પુરૂષ કહો એ સંગ રમશે, આખી કહાડવી જામનીરે. હ
રૂપવંતી જોબનવંતી બાળા, આ દુનીયામાં પેખુરે,
એહસંગ રમનાર ન કોઇ, ચાવડાવંશમાં દેખુરે. હર્ષ

ગુલાબસિંહ—(રૂપસીંહને સઘળી બીનાથી મા હેદગાર કરે છે અને મીજબાનીમાં મોકલે છે.)

લાવણિ.

સુણોને મારા મીત્ર અરજ આ મારી,
જવાને બાગમાં કરો આપ તૈયારી;
ત્યાં ગયા ચાવડા વંશ તુજ ઉપરે,
જોવાને બીના માટ જાઓની ખરે;
તુજ સુમત ઉપર કરી એમણે મીજબાની,
જ જોવા સઘળો ખેલ બદલી પેશાની;

ત્યાં ફરે ફુદડી કોણ કોણરે 'નારો,—જવાને.
શી રીતે થાયે નાચ ગાન શાં ગાયે,
ત્યાં નવોન નવીન વધુ શોભા શી થાયે;
કોણ કોણ આવ્યા છે લોક ચોકના ભારી,
તે સરવેની તું મેળવ માહીદગારો;
વિજયા દેવીથી કોણ ચતુરા સારી;—જવાને.

રૂપસંહ— રાજા તો ગયે—(રાહ)
કહયું આપે જે પ્યારા મારા તેથી છું લાચાર
પ્રથમથી જો કહ્યું હોતનો નક્કી જાવત યાર;
ઘણીવારથી ગયા ચાવડા તેથી છું દીલગીર
જવાને હરકત નથી હું પેહરૂ બીજાં ચીર.
કરતા હશે એ પાછા વળવાનીતો તૈયારી.
તે કારણથી જવા હીંમ્મત થતી નથી મારી.

ચતુરસીહ— રાગ ઉપરનો.
ગયાછે એ હમણાં પ્યારા, શીદ થાઓ દીલગીર
વેશ આપનો બદલી નાખો પેહેરો ઊમદાં ચીર.
જઇ તમાસો જુવો ચાવડા કરે છે શી તદબોર,
હારોમાં તમે હીંમ્મત પ્યારા ધરો હૃદયે ધીર.
વિજયાદેવી પ્યારી તમારી છે ઘણી બુદ્ધીવાન.
એથી કેઇ સુંદીર શોભે જુવો જઇને વાંન
ચઢીઆવી છે કે ઉતરતી એતો સુંદીર નાર

આશે જે કોઇ સુંદીર તમને કરો હઇયાનો હાર.

રૂપસિંહ— રાગ ઉપરનો

મીત્રો મારા જવા તેયારી હું તો કરૂછુ યાર,
ત્રણ વગર જાણે નહીં કોઇ વાત આપ લગાર;
વેશ હું મારો બદલી નાંખુ ઉમદા પેહેરાં ચીર,
કોઇ જોઇ શકે નહી મુજ કંચન રૂપી શરીર;
નીરખુ અબળા હર્ષ ધરી હું સુંદીર કેઇ નાર,
રમું આજ ખુબ ભાવથી લેઇ તેહનો પાર;

(રૂપસીંહ પોતાનો વેશ બદલી ચાવડાના જેવો શણગાર પેહેરી તેમના ઉત્સવમાં પોતાના કરતાં વધારે શો શી તદબીરો થાય છે તે જોવાને જાય છે.
તે જોઇ તેનો અમીર ફુલસીંહને સોલંકીનો પુરૂષ નહીં ધારીને આવકાર દઇ ઉત્સવમાં સઘળાઓની સાથે હાસ્ય વિનોદ કરવાને મોકલે છે અને રૂપસિંહ સઘળાઓની સાથે રમે છે અને ગાય છે અને રમતે રમતે એક અપ્સરા સરખી રૂપવાન સ્ત્રી સાથે રમવાનો વારો આવે છે ત્યારે ગાય છે.)

રૂપસિંહ— ભરલારે કટોરા જલ પાનીકા—(રાહ)
ધીમે ધીમે ચરણ ધરતી ચાલે, ધરતી ચાલે ધરતી ચાલે
ધીમે ધીમે ચરણ ધરતી ચાલે

ડોલે મદ ભરી કામીની, હસ્તાગ્રી જ્યું અંગ માહાલે,—ધી
કંઠ માંથી ખરેછે મધુર સ્વર જે, કોકીલા સ્વરકંઠ લલકારે, ધી
ઉચરેછે શરમ મુખે ધરતી, મૃગાક્ષિ નયન ચાળા કરતી,—ધી

કનકદેવી— (ઉતરમાં ગાય છે)

સુનો તુમ યાર પરદેશી—(રાહ)

સુણો સખીઓ કથન મારૂં, પીયુ વીનાતો અંધારૂં
પેહરી ગજરા કોમળ હાથે, ઝુલ્યાં નહીં નાથની સાથે—સુણો
ચંદન લેપન નહીં અંગે, લ્હાવો ન લીધો પીયુ સંગે
ફર્યાં બાગે ન કુસુમો ધરી, લીધી તાળી ન હસી કરી—સુણો
કીધી સેયા ન પોઢાડ્યાં હમે, અનંગ દાણો અમોને દમે
પીયુ પંખા ઉરાડ્યા નમેં, વ્હાલા વરને જગાડ્યા નમેં—સુણો
બળે કાળજુ અનંગે આ, રમ્યાં કદી રંગ ઉમંગે ના
વિલાસો ન કીધા પીયુ સંગમે હસી પાન પીયુને ન
આપ્યુંજ મેં—સુણો
ભરી વેણી કુસુમે મેં, ન દીધી પીયુ પીયારાને
કરી હાસ્ય સુવચન વદી આરોપી ન માળ હૈયે કદી—સુણો

(રૂપસિંહ કનકદેવીના રૂપ અને ગાયનથી મોહી
ત થઇ બેભાન બની મુર્છાગત થઇ પડે છે)

જોરાવરશીંહ— અરે દેવ કર કરદ બે દાદરા—(રાહ)

અરે હાય આને થયું શું અહીં
કહો પાર તેનો હું પામું નહીં

થયો શું અરે ભાઇ આ ગુલતાન
જોઇ રૂપ સ્ત્રીનુ એ પડીઓ બે ભાન

જલદશીંહ—

(તપાસ કરતાં દુશ્મન માલુમ પડે છે)

આલેફ્રસે તુ યાદ કર—(રાહ)

દખો યારો દુસ્મન અપના આયા હે યહાં
મુઝે નહીં જીવતાવો જાયગા કહાં—દખો
ક્ષત્રી કા મયે તનમન કડીન મયે કરૂ
માર ઉસ્કુ ઠેર વેરતો દીલ ધરૂ—દખો

(તલવાર ઉઘાડી મારવા જાય છે એટલામાં પાછળથી એકદમ તેનો કાકો ફુલસીંહ આવે છે અને મારતો અટકાવે છે)

ફુલસીંહ— અરે દેવ કર કરદ—(રાહ)

નહી કીજીએ એસા અવઘટતા કામ
આયે શણ અપને કીયે વાં મુકામ
કહો કેમ કીજે ઉસીપર માર
જાનેદો ઉસી બખ્ત હોકે ઉદાર,

(જલદસીંહ પોતાના કાકાનું વચન સાંભળી ગમ ખાઇને પાછો જાયછે રૂપસીંહને ભાન આવેછે અને જાગૃત થઇ બોલે છે).

રૂપસિંહ—અરે સુશીલી મેં તારા જેવી સૌદર્ય સ્ત્રી આ દુનિઆમાંઆજ સુધી કદી જોઇ નહોતી. અરે! શું પદમણી તે તુજ? શુ સર્વને મોહના પાસથી ઘાયલ કરનારી તે તુજ? અરેરે ભગવાન! હે સૃષ્ટીના પાળક તારી અકળ કળા ન્યારી છે. અરે હું આજ સુધી એવું ધારતો કે મારી પ્રીય વીમળદેવી, શુ એના કરતાં બીજી ખુબ સુરત સ્ત્રીઓ દુનીઆમાં જગકર્ત્તાએ બનાવી હશે? (ના! ના! ના!) આજ મુને તપાસ કરતાં માલુમ પડયુ કે તે એક કનકદેવીની આગળ લુંડી બરોબર છે, તે એક હંસનાટોળામાં જેવો કાક શોભા આપે એવીજ શોભા આપે છે તે એક સુર્યની આગળ દીપક સરખી છે અરે શુ? એ તે કોઇ ઇંદ્રના ઘરની અપ્સરા હશે? એતે દેવલોકમાંથીજ આવી હશે! અહો હો! પ્રભુ એણે તે આ દુનિઆમાં કોને માટે જન્મ લીધો હશે! અહોહો! એનો પાણી ગૃહણ કરનાર તે કેવો ભાગ્યશાળી હોવો જોઇએ. જેણે પેલે જન્મ અને આ જન્મમાં મોહા પુન્ય કર્યાં હશે તેનેજ તે વરશે.

(આ પ્રમાણે વીચાર કરતો નીરાશ થઇ ઘર તરફ જાય છે અને મીજબાની ખલાસ થાય છે)

પ્રવેશ. ૩ જો.

પડદો પડે છે.

સ્થળ રસ્તો.

ગુલાબસીંહ રૂપસીંહ ચતુરસીંહ

અલે રૂસે તુ યાદકર એ (રાહ).

કહોને મિત્ર મારા કેમ દીસો છો દીલગીર
માહેદ કરો બાગની બીનાની મારા વીર—કહોને
ગયા હતા તમે બાગમાં ત્યાં શો બન્યો બનાવ
અપમાન થયું કે કીધો તમારો હાવભાવ—કહોને

ભુજંગી છંદ.

રૂપસીંહ

કહું શું નથી સુધ હવે જ મારે. થઇ છે પિડા મુજ અંતર ભારે
જોઇ કામિનીજે ગયુ સુખ મારૂ હવે કેમ પ્યારી ચતુરા વિસારૂ

સુમીત્ર સંચર્યે રે મારગ—(રાહ)

દુઃખ વિભાગી આરે. અનીહારે, મીત્ર કહું કથી શું હુંય
જોઇ રૂપ સુંદરિરે અનીહારે તેથી વ્યાકુળ અંગે છુંય
મોહીત થઇ હું, પડ્યોરે અનીહારે નવ રહી સુદ્ધને સાન
જોબનવત બાળીકારે અનીહારે ઉતરી આવી જાણે અસમાન
કેશ નાગેણનારે અનીહારે જાણે તેલની કીધી ધાર
દીપે મોતી મહીરે અનીહારે ભમ્મર જાણે ધનુંશાકાર

ચડાવ્યુ રાય ઇંદરેરે અનીહાંરે કરવાને વેરીનાશ
ચડાવી આંખનેરે અનીહાંરે મુને નાંખ્યો છે મોહપાશ
નાશીકા શુકનીરે અનીહાંરે કળી દાડમ જેસા દંત
મુખે ઉચરે રે અનીહાંરે જાણુ વરશ્યો મેહ અમૃત
ગુલાબી ગાલપેરે અનીહાંરે કાળુ ઓપી રહયુતુ છીંદ
જે ઘેર એ ભામનીરે અનીહાંરે તેતો પામ્યો છે નવનીધ
કર કોડામણારે અનીહાંરે સુંઢ હસ્તી સમ દેખાય
સુંદર સ્તન છાતી પેરે અનીહાંરે તેની આપુ શુ ઉપમાય
નાભિ, કમળ શોભતુ રે અનીહાંરે કદળીના સરખી જાંઘ
સ્વર ઝીણુ ઉચરે રે અનીહાંરે જાણુ ઈંદ્રની વારાંગ
રંગ પેની તણુરે અનીહાંરે દેખી લાજે મેદી વંન
ચાલ હસ્તી તણીરે અનીહાંરે દેખી જાતો સ્થંભે પવન
મારે નયન ભામનીરે અનીહાંરે જોઇ કંપે માહરી કાય
અરે એ કયાં હશેરે અનીહાંરે જીવ આકુળ વ્યાકુળ થાય

ચતુરશીંહ—ગીરધારીરે વાત કહુ તે વિચારો[રાહ]
મીત્ર મારારે માં થાઓ દીલગીર, તને મળશે મારા વીર;
હુ જાણુંરે એછે અતી રૂપાળી, તને મારીછે મોહપાળી.
કનકદેવીરે છે અતી રઢીઆળી, તમે જોયું રૂપ નીહાળી.

સુત.

મત ધૈર્ય હૃદમાં ધારોરે (૨)
જોબનવંતી દુઃખનો ભારોરે (૨)

મળી આવશો અવસર સારો રે (૨)
જોબનરૂપીરે અબળા પાશે નીર-તને મળશે
રાગઉપરનો
બંધુ મારારે દીન હવે કેમ જાશે
દુઃખ દાક્ષમાં કેમ ખમાશે
જોબન રૂપિરે પાનીડાં કયારે પાશે
મુજ અંતર આગ ઓલાશે
ઝુલ
નથી એના વિના ઘડી ગમતુરે (૨)
મુજ ચીત રહે છે ભમતુરે (૨)
દુખ વિયોગનુતો દમતુ રે (૨)
મોહ પામ્યોરે દેખી સુંદર ચીર—તને
રાગ ઉપરનો.
રૂજની મારીરે આજ દુખમાં જાશે
લખિત હશે તે પ્રભાતે થાશે
જગકર્તારે મેળવશેતો મળશે
ત્યારે અંતર આગ બુઝાશે
ઝુલ
બંધુ તમે ખોટી શીદ થાઓરે (૨)
ખુશી થઇ અવાસે જાઓરે (૨)
દુઃખ મનમાંના તમે કાંઇ લાવોરે (૨)

કામપાસેરે કંપેછે મુજશરીર—તને મળશે

ગુલાબસીંહ—

મીત્ર માગરે શોક હૃદય નવ ધરવો

મળે એવો ઉપાય આદરવો

ક્રોધરૂપીરે કામ હવે દુર કરવો.

જોબનરૂપિ ગૃહાગ્નુ કરવો મરવો.

ગુલ.

તે સો ધીરે ધીરે થાશેરે. (૨)

અં ૨ આગ તમારી ઓલાશેરે [૨]

સાગુસી થકી સાપ ઝલાશેરે. (૨)

થઇ વેળારે જાવાનિજ મંદીર—તને મળશે

બંને જણ રજાલેઇ પોતાના ઘર તરફ જાયછે

ત્યારબાદ રૂપસીંહ તેની ખુબ સુરતી વીસારે નહીં

પડતાં એક દમ તેના મુકામ તરફ વળે છે)

પ્રવેશ ૪ થો.

પડદો પડે છે.

સ્થળ રસ્તો

રૂપસીંહ—કનકદેવી પત્રીયો દાસી સુર્યરામ વિદુરશક.

રૂપસીંહ—[શોકમાં ગર્ક થએલો પોતાના મન સાથે

બોલતો બોલતો શેહેર વચ્ચે થઇ જાય છે.

રાગ વણઝારાનો.

ઘાયલ મુજને કીધીઓ પ્યારી મારીરે
મળી નયનશું નયન મીલાવ ચતુરા નારીરે
અંતર ઘાવ લગાવીઓ પ્યારી મારીરે
વાગ્યો હૃદયે વજ્જર ઘાવ, ચતુરા નારીરે
રૂપ જોઇ મને તાહરૂ પ્યારી મારીરે
નવરહી કાંઇ સુધને સાંન ચતુરા નારીરે
ચોટાં ચોકને માળીઆં પ્યારી મારીરે
તુજવિના દેખુછુ સ્મશાન ચતુરા નારીરે
ઉંચી દુકાનો શોભતી પ્યારી મારીરે
દીપ દીપે છે ઝાક ઝમાળ ચતુરા નારીરે
દેખી હૃદય માહરૂ દહે પ્યારી મારીરે
દમે અંતરે વ્રેહની ઝાળ ચતુરા નારીરે
હાયે હવે હું શું કરૂ પ્યારી મારીરે
ફરૂછું હું બની નિરાધાર ચતુરા નારીરે
કર્માયું કોમળ મુખડુ. પ્યારી મારીરે
દેખુ તુજ વિના સુંન્યકાર ચતુરા, નારીરે
હશે ક્યાં એ મૃગ લોચની પ્યારી મારીરે
ચંદ્રવદની ચતુરા નાર ચતુરા નારીરે
અરજ સુણી પ્રભુ દીનની પ્યારી મારીરે
મેળવ મુજ, હૈયાનો હાર . ચતુરા નારીરે

રૂપસીંહ—(આ પ્રમાણે વીચાર કરતો કરતો જા ય છે એટલામાં કનકદેવીનો મહેલ આવ્યો અને ત્યાં આગળ ઉભોરહી એ બાનની માફક સ્તબ્ધ બની જઇ મનમાં વિચાર કરે છે એટલામાં કનકદેવી ઝ રૂખે આવી નીચે પ્રમાણે બોલે છે)

લાવણી

કનકદેવી—

હે જગકર્તા દિન નાથ વદુ નમૃવાણી
મુજ ગરીબ અબળા કેરી દાઝ તો જાણી
મુને મેળવીઓ નહી નાથ પાપ શાંકરીઆં
હું બરજોબનછું નાર કાંચના સરીઆં
હે સોલંકીનો જન દેખી મન મોહ્યું
આવેલુ રત્ન મુજ હાથ નાથ તે ખોયું.
જે રૂપસીંહ છે હાર હૈયાનો મારા,
તે સ્વામીમારો એહ તણી હું દારા
પ્રભુ જાણીને નીજ દાસ વાસતો આપો
મુજ ગરીબ અબળા કેરાં કષ્ટ તો કાપો,
હું નમી નમીને પાયતારે લાગુછું.
અરે રૂપસીંહ મુજયાર તેહ માગુછું
તેજસંગ અહરનીશ રહું દીન હું દાસી.
પ્રભુ કાપી મુજ વિયોગ મેળવ અવિનાશી.

રૂપસીંહ—(આ વખતે કનકદેવીને બોલતાં સાંભળી ને પોતાના મન સાથે તેનુ વખાણ કરેછે)

ઓહોહો! શી એની ખુબ સુરતી! જાણે પુર્વદીશા નો સુર્યજન ઉગ્યો હોય! અને ચંદ્રતો વળી તેના તેજ આગળ જાણે ઝાંખા અજવાળાથી ફીકો પ્રકાશ તો ન હોય! મને તો એમજ ભાસેછે કે આ એક દુનિઆં ઉપર નવોજ સુર્ય ઉગ્યો હશે. અને જાણે પોતાના હાથ પોતાના ,ગાલ સાથે અઢેળીને ઉભી હોયની એમ લાગેછે! અરે જો આ વખતે મારા હાથને મોજુ હતે તો તેના ગાલને મારો હાથ અડકાડી હાથ પવીત્ર કરતે.

લાવણી.

સુંણ્યા કનકદેવીને એહી સબ હેવાલ,
સુંન લગી બોલને પ્યારસે ઉસકી સાથ;
હે પ્યારા મારા દીલજાન ગુની સમસેં તુમ,
મૈ રહું આપકી સાથ દાસ હો હરદમ.
છોડ દો તુમેરા નામ જો હય દુનિયામેં,
તુમ રખો દુજા કુચ નામ દીન આજુસે;
ઝાવડા કરે સબ દ્વેષવેશ ધરન્યારા,
સંગ રહો હેયા કે હાર દીલુસે પ્યારા;
મેં અપના નામ દુરકર બનું તુજદાસી,
દયા કરે સાંઈકી રંક બેરો ન ઉદાસી.

કાઝી—બાઇ સાહેબ અભી શયનકા બખ્ત હુવાહે સો પોહોડનેકુ ચલો, કનકદેવી જઇને પાછી ફરીથી ઘરે આ આવે છે.

રૂપસીંહ—

રાગ ઇંદરસભામાં ગવાતો.

પ્યારી મારી આજથી હું બની રહયો તુજદાસ,
મળા નહી નો મુજને તો જીવનો થાતે નાશ:
ઘાવ કલેજે લાગીઆ હાવે બની ગયો ગુલતાન,
વચન સુંણીને તાહરૂં બાની ખરી ગયુ મુજ ભાન.
મનમાં મારા જે હતું તે તુજ હૃદય દેખાય,
કોટી ઉપાયો હું કરૂ પણ શાન્ત કદી નવ થાય;
તુજ રૂપ દેખાવથી મને અતી થયો આનંદ,
ઝુરતો ફરતો મહેલમાં હું કરૂ અતી આક્રંદ.

—o✻o—

દારૂડી [રાહ)

કહો જો પ્યારી માહરી તો હું જોગી થઇ ફરૂં,
કહો જો આપ મુખથી સોલંકી પરહરૂં;
રત્ન સરખી નાર તું, કયાંથી કાગને હાથ.
મેહેર કરી મેળવી મુજને, હો જગ કર્તા નાથરે, હું જોગી

ગઝલ—એ શું વદાછો વડીલ.

સોલંકી કેરી માત બાત તો ગમે નહીં.

પ્રિયા જેસી પ્રિયા મેરી કાં મીલે નહી, સોલંકી
કુરૂ મેં દેહ ત્યાગ આગ તો લગી ઉગર,
કોઇ હસ્ત રતનવો કભી મીલે નહી. સોલંકી.
ઘડી હુશે શું જગત તાત એસી બીજીના,
દુનીઆમાં એસી રૂપવાન મેં દેખુ નહી. સોલંકી
જોઇને ચંદ મંદ પડે પ્યારી કેરૂ તેજ,
દેખીતે રૂપ ભુપ પ્યારીનું મોહે સહી સોલંકી,
પ્રિયા પ્રિયા હું ઝંખતોતો એ મીલી પ્રાયા,
થયો હવે આનંદમંદ દુઃખ રહ્યું નહી. સોલંકી,

—*—

કનકદેવી—

અલેફ્સે તું યાદકર (રાહ)

હીંમત ધરો પ્યારા મારા એક કરો કામ,
જાકે સુર્યરામકો બુલાવો અપને ઠામ; હીંમ્મત
કહો જે બીના સર્વ બની છોડી દઇને શર્મ,
નિકાલ અપના વો કરેગા કાયકુ રખો મર્મ; હીંમ્મત
ઠરાવી લગ્ન જલ્દી આવો પ્યારા આણે ઠામ,
જાણે નહી કોઇ પ્યારા ગુપ્ત રખો મુકામ. હીમત.

રૂપસિંહ—

જાકે સુર્યરામકું મેં બોલુગા સબ બ્યાન,
કો પડા મઆપતા મહારાજ વું પહેચાન. જાકે

ગાંધર્વ લગન કરનેકા બીચાર કુમારા,
કીસી બખ્ત આના કયા બીચાર તુમારા. જાકે

—०※०—

(રૂપસીંહ કનકદેવીથી વિખુટો પડી, સુર્યરામ મહારાજની પાસે લગન ઠરાવવા જાયછે અને જઈને કેહેછે

રાજાજીતો સો ગયે-રાહ.

રૂપસિંહ—

ગોરજી મારા વિનવું હું નમીને લાગુ પાય
કામ પડ્યું એક આપનું હકુ વેળા થાય.

સુર્યરામ—

કામ પડ્યું શુ મુજ તણુ ભાઇ કહોને મુકી શર્મ,
કરવાને આતુરછું હું બજાવવા મુજ ધર્મ;

રૂપસિંહ—

ખેંગારસીંહ કુમારીકા જેનું કનક દેવી છે નામ,
સાદી કરાવો બેઉની ગુપ્ત રહી કો ઠામ.

સુર્યરામ

અમાન સુરજ દીવડો એ ખેંગારસીંહ કુમાર,
સોલંકીના વંશમાં કેમ વરે ચાવડા નાર;
વેરી કટ્ટો ચાવડાનો સોલંકી તું કેહેવાય,
એ તુજને વરે નહીં કામ એ અમથી ન થાય.

રૂપસિંહ

કનકદેવી છે આશક મુજપર ખાવન હું મહારાજ,
રખે ના તમે પાડતા અમ શીઘ્ર કરોને કાજ.

વીદુશક—

ઉઠો ઉઠો મહારાજા તમે કરોની તૈયારી.
ઇશકનાં માર્યાં ગાજરાં જુઓ ખાશે આ ભારી.

(સુર્યગામ વિચારે છે કે ચાવડાને અને સોલંકીને ઘણા દીવસથી દ્વેષ ભાવ છે માટે જો ચાવડાની કુંવરી કનકદેવી રૂપશીંહને વરે તો તે દ્વેષતા ટળી સર્વેને સુખ થાય એમ ધારી સુર્યરામ બન્નેનાં લગન કરેછે.)

ઓઝલક તોરીહે મલક–રાહ.

બન્નેજણ—

હો માહારાજ કરયું હમકાજ જોઇએ તે લ્યોની,
મહારાજ–હમારી પાસે જાચોજી.
વચન કદી ના ઉથામું હું મનમાં રાચોજી
ફરમાવો હમોને દાસ તમારા છઇએ,
મહારાજ–જુબાને બોલુ વાણીજી.
કૃપા નાથ દો આશીશ રૂડી પોતાનાં જાણીજી.

ઓર મહારાજ આશીશ દઇને પોતાને માર્ગે ચાલ્યા જાયછે,
ત્યારબાદ બન્નેજણ થોડી વારે પોતપોતાને ઘેર જાયછે.

પ્રવેશ ૫ મો.

પડદા પડે છે.

સ્થળ દરબાર ગઢ

જલદસીંહ-ગુલાબસીંહ મોહનસીંહ-રૂપશીંહ પછી થી મીયાં હાંડીફોડ સીધરાજ જયસીંહ કનકદેવી અને દાસી;

(જલદસીંહ અને તેનો મીત્ર મોહનશીંહ કોઇ પ્રસંગે શેહેર ચરચા જોવાને નીકળ્યા છે... અને રસ્તામાં ચાલતાં શેહેરની અંદર શા શા બનાવો બને છે તે જોતાં જોતાં ચીમનબાગ તરફ હવા ખાવા ચાલ્યા જાય છે એટલામાં તેમના દુસ્મન રૂપશીંહનો મીત્ર ગુલાબશીંહ મળે છે.

જલદસિંહ-મેરે કાજીસાહેબ મેરે કાજીસાહેબ-રાગ

પ્રિય મીત્ર મોહન પ્રિય મિત્ર મોહન,
કહ્યા તું મેરા પ્યારા માન;
કહ્યા વેરી હેવો અપના, ઉસકા લેના જાન,
મારમાર ચમડી તોડુગા, જબ નહી આગાજાન પ્રિયમીત્ર
બોહોત દીનકા ગુસ્સા તનમે અબ નહીં છોડુંગા;
હરામજાદી જાત હુવા, અબ સીર મેં તોડુગા પ્રિય

મોહનસીંહ-

કયા હે ભારી કામ ઉસમે દેર નહીં કરના,

કયા ઓ ભડવા કરનેવાલા કયા ઉસમેં ડરના. પ્રિય

જલદશિંહ—

છોડ દીયા ઉસ મીજબાનીમેં રૂપશીંહ નાદાન,
ગિર ગયેવો ભરી સભામેં નહી થા ઉસકુ ભાન. પ્રિય•
ઇસબખત કાકાને છુડાયા અબકાં જાવેગા,
મદદગાર કોઇ નહી ઉસકા વાં નહી ફાવેગા પ્રીય

(એટલામાં ગુલાબશીંહ નજીક આવી પહોચ્યે છે.)

જલદસિંહ— રાગ ઉપરનો

અરે કમબખ્ત નાદાન અરે કમબખ્ત નાદાન,
તેરાનો લેઉ એક પલમેં જાન:
લુચ્ચા સાલા હરામજાદી, બોહોત કીઇ ચતુરાઇ,
મિજલસમેં જોન મોકલીઓ, શરમ નહી કછુ આઇ. અરે

ગુલાબસિંહ—

હરામજાદી શીદ ચડાવે આળ બીન તકસીર,
ચલજા તેરે રસ્તે નહીં તો અબ ઉડાદઉ શીર અરે

(એટલામાં રૂપશીંહ ફરતો ફરતો આવી પહોચ્યે છે]

રૂપસિંહ— રાગ ઉપરનો .

કયા ઓ મીલકે ધુમ મચાતે કયા કરતે ચુગલાઇ,
બહોત દીનસેં જાન દેત હું સમજ કછુ ન પાઇ અરે
આજા અબતું દેખ સપાટા કયા હોતાહે તેરા,
ભર શેહેરકે બીચમેં તુને માન ગુમાયા મેરા અરે

જલદસિંહ—

ચલ આજા ઉસ મેદાન કે બીચ, સજલે તુજ હથીયાર.
છોડું નહીં મેં આજ તુઝેકુ બેહોત મારૂં મેં માર અરે

રૂપસીંહ—(આવુ સાંભળી શુરના આવેશમાં એકદમ પોતાની ,તલવાર મ્યાનમાંથી બહાર કહાડી જલદશીંહ ને મારે છે અને તેનો જખમ જલદશીંહને સખત લાગવાથી તેનું શીર જમીન ઉપર પડેછે. આવો બનાવ જોઇ શેહેરમાં હાહાકાર થઇ ગયો, અને આ વાત શિપાઇયો વિગેરે દરબારીઓને માલુમ થવાથી ગુન્હેગારને દરબારમાં લેઇ ગયા.]

મીયાંહાંડીશોડ— દારૂડી (રાહ)

પ્રણામ કરૂછું આપને હો રાજારે પ્રણામ
લાયાહું ગુનેગારમેં ઇસસભાકી દરમ્યાન પ્રણામ
ખુંનકીયા પુત્ર આપકેકા, કીયા અવગટતા કામ
હુકમ અપના સીર ચડાકે, લાયાહું ઉસ્કુ યાં રેહોરાજારે
પુત્ર અપના શત્રુકાવો, રૂપસીંહ ઠાકોર નામ
(જલદસીંહકુ મારકે કીયા, ઉસને બુરા કામ રેહોરાજારે

(આવું સાંભળી રાજા ગુસ્સે થઇ રૂપસીંહને કહે છે.)

સીધરાજજયસીંહ—

ગઝલ અરે કમબખ્ત પોંગલા (રાહ)

અએ કમબખ્ત રૂપસીંહ તુને બાત ગજબ કીયા.
કુમાર જલદસીંહને, દેવલોક પોચાદીયા, અએ.

દાખીને દ્વેશ મેંશ તેં મુખેતો ચોપડી.
ગુનાવગર બાલપર, તો જુલમ કીધા અએ
હવે નમુક જીવતો, છે શત્રુ તુંકટ્ટો
સંભાળ આખર બખ્ત જેણે જન્મ. તો દીધો, અએ.

રૂપસીંહ—ગઝલ એશું વદાછો વડીલ. (રાહ)
થયોછે આડો આંકવાંક માહ્યરો નથી,
કરો તે રીર માન આના કાની કંઇ નથી, થયોછે.
લવલેશ દ્વેશ એ ઉપર ન રાખતો હું રાય.
કરમ મારાને લીએ મુઓ સરવથી, થયોછે.
જાણુ જે હોય આવું અહી શું નીપજશે !
નશીબમાં લખ્યું હશે તે ભોગવું સહી, થયોછે.

સીંધરાજજયસીંહ—અરેદવ કરકરદ (રાહ)

અરે દાસ હે કોઇ આણેજ ઠામ,
ચડાવો સુળીએ આ રૂપસીંહ હરામ.
કરયુંછે ઘણું એણે અણઘટતું કામ,.
ચડાવી શુળીએ ને બુઝાવો દાઝ.

(આવી સજા ફરમાવેલી. જાણી શહેરના સર્વે માણસો ના મનમાં ખેદ ઉત્પન્ન થવાથી રાજા સાહેબને અરજ કરીજે સાહેબ મરેલુ માણસ એને સજા કર્યે પાછું આવ વાનું નથી જેથી ખુદાવંતે તેને દેશ નીકાલ કર્યાનો હુ કમ ફરવી દીધો.

રૂપશીંહ— લલીત છંદ

અરર હો પ્રભુ હાય શું કરૂ, ધિરજતો હવે કેમરે ધરૂ.
અરર શીદશા માહરી થશે, દીન વિયોગના શીરીતે જશે.
સરર બાણ તો જાય સુંસરૂં, ધિરજ તો હવે કેમરે ધરૂં
જગતનાથતું શીદ કોપીઓ, અરર દુઃખિયો હું અતી થયો.
વિરહ દુઃખથી દુઃખી હું ફરૂં, ધિરજતો હવે કેમરે ધરૂ.
અરર આ સમે મુજકો નથી, કરૂ હું શું હવેરેમરૂમથી.
નગર ત્યાગીને કયાંઇ સંચરૂ ધિરજતો હવે કેમરે ધરૂ,
ધરતિ માતનું બાપ માગરે, પરમ દેહમાં ઉડી આગરે.
અધિક મોહના પાસથી મરૂ, ધિરજતો હવે કેમરે ધરૂ.
ખરર નેત્રથી આંસું જાયરે, અરર હો પ્રભુ હાય હાયરે.
ખડકિ ચોહની માંહ્યપર પરજળુ, ધિરજતો હવે કેમરે ધરૂ.

(આ પ્રમાણે વિલાપ કરતો કરતો બેભાન બનેલો રાત્રીને વીશે કનકદેવીના મેહેલ તરફ ગયો.]

પ્રવેશ ૬ ઠો

પડદો પડેછે.

સ્થળ કનકદેવીનો મેહેલ.

આ વખતે કનકદેવી પોતાના મનમાં વીચાર કરે છે.

(અહો પ્યારા જગદસીંહ તારૂ મૃત્યુ રૂપસીંહના હાથેજ થયું ! સું ? એ તે તારો શત્રુજ હશે ? અરે રૂપશીંહ ત

ને મારી પણ કાંઇ દયા ન આવી; તું ઉપરથી પુષ્પના સરખો અને હૃદયમાંથી કાળી નાગના સરખો કે કરડતાં ઝેર પણ ઉતરે નહી. અરે તું દેખીતો બકરી અને અંતરે વરૂના સરખો હે રૂપશીંહ તેં મારો પ્રિય જલદશીંહ માર્યો ! હે જલદશીંહ તું હવે ક્યાં ગયો. પણ હશે ! ફીકર નહી; એવા સો જલદશીંહ મરે તો પણ શું થયું, મારો પ્રાણપ્રીય રૂપશીંહ જે મારો દીલો જાન યાર જેને હું ભરતાર કરી ચુકીછું, તે હયાત છે. તો પછી મારે બીજા કોઇની પરવા નથી, અહો હૃદય નીવાશી રૂપશીંહ તને દેશવટો આપ્યો તે મને બહુ સાસે છે. અહો સ્વામી મારી વજૂ સરખી છાતીના કેમ ચીરાડા પડતા નથી. હે પ્યારા સ્વામી હવે તારૂ આવવું ક્યારે થશે ! અને તારા અધરા મૃતનો રસ હું કયારે ચાખીશ ! એમ વીચાર કરે છે અટલામાં રૂપશીંહ આવે છે)

કનકદેવી— બેખરે ઉતારોરાજા (રાહ)

મુંજને મુકીરે પીયુ ચાલીઆ, લીધી પરદેશ વાટજી
તમવીણ પિયુ મારે કો નહીં, રાખો પ્રાણ પ્યારી સાથજી
મુંજને.

હુંરે જાણતીતી રંગ માણશું, પ્રીય પ્રાણ પતિ સાથજી
દેવેરે કોપ કીધો અતી, તજાવ્યો પ્રાણ નાથજી

મુજને

પાપરે કોભતનાં આવી નડયાં, અંતરે બળે આગજી
પ્યારારે મારા તરછોડો નહીં, સ્ત્રીજાત હું અનાથજી

મુજને

પાપરે ઘોરરે મેં કીધાં હશે, વહેતા જળે દીધા પાગજી
જમતા જોગીરે મેં લુટયા, હશે દુભ્યાં હશે બચ્ચાં
બાળજી

મુજને.

આજનો વાસોરે પિયુ મેડિએ, કરતા જાઓ દીનાનાથજી
ભોજન જમશુરે સાથ આપણે, કરશુ ભોગ વિલાસજી,

મુજને.

રૂપસિંહ—રાગ રામગ્રી. (પ્રાણનાથ મીત્ર માટેતો)
પ્રીયારે શોક છોડો તમે, દુઃખ અતી મુંને થાય
વિલાપ તમારોરે સાંભળી, કાળજડુ ચિરાય.—પ્રિયારે
લખ્યારે લેખ મિટે નહી, સુભ કરે કિરતાર
શુભ કૃત્ય હરશથી આદરો, નવ થાસો ઉદાશ—પ્રિયારે
મુદત જાશેરે પલ એકમાં, લાગશે નહીં વાર
વૃત એક ચુકશો નહી, રાખશો સદાચાર—પ્રિયારે
વિદાય કરો મુને હર્શથી, આપો પ્યારી રજાય
જાણજો થાયે દરબારમાં, પલ એક ન રહેવાય.—પ્રિયારે
માફ માગી હવે સંચરૂ, ચુક કરશો ક્ષમાય

અવધ થયે નહીં ચુકશુ, ઝટ આવશુ યાંય—પ્રિયારે
વિયોગ નસીબે લખ્યો હશે, મિથ્યા તે કેમ થાય.
રેહેજો અંતરે આનંદમાં, દમશો નહીં કાય—પ્રિયારે

(આટલુ કહી રૂપસિંહ પોતાની પ્રિય પત્ની કનક દેવીને સલામ કરી દેશાવટે જાય છે, અને પિયુ પત્નિ વિખુટાં પડે છે)

[પછી કનકદેવી પોતાની દાસીને કહે છે]

રાગ કલ્યાણ.

દાસી માહારી, રૂજની જતી નથી.
કોણ આગળે હું દુઃખ વર્ણવું કથી—દાસી
તજુ દેહ હું લાગે મુજને, અંગારા સમ આજ
થઇ બ્રરજોબન નાર હવે હું, સુઝે નહીં કાંઇ કાજ
ભુલી ભાન હું ખાન પાનનું, બની ખરેજ ગમાર
ગમે નહી ભારાણ સઇ વિધા, દહે દેહ શ્રંગાર દાસી
ગયો ચાલી મુજ યાર સકોમળ, ધરૂ કેમ હું ધીર
ગુણ અગાધ કળા ચાતુરી, છે એ બાવનવીર-દાસી

સખી આવીયો કારતગ માસ કે કંથ સિધાવીઆ (રાહ).
હાયે કેમ કરૂં જાઉં કયાંઈ કહુ, દુઃખ કોણને
કેમ બેસી રહુ હું આંહી સુજે નહીં મુજને-હાયે
છોડી પ્રાણનાથ મુને આંહી, ગયા તે કયાંહાં અરે;

કર શોચ તેની કઇ ઓર, કરમ મુજ હીનરે—હાયે
આવશો ક્યારે જીવનહાર, દયા દીનપર કરી
કાંહાં સુધી જોઉ દીલ વાટ, હઇડે આશરે ધરી—હાયે
મુજ હસ્ત ચડયુ જે રતન, ગયુ ખોવાઇ ખરે
છીનવી દુષ્ટ દઇવે લીધ મળે કેમ તે હવે—હાયે
કહાં સુધી અરે પ્રભુ આમ દેશો દુઃખ મુજને
ખનીઓર અતી ક્રુર તુ આજ દયા નહી તુજને—હાયે
પડે ચેન નહી લવલેશ, વિણ પ્રાણનાથતો
કર શોચ કહાં જઇ હુય. સ્ત્રી જાત અનાથતો—હાયે

દાસી—બાઇ સાહેબ અફસોસ કાયકુ કરતેહો. જો બાત હોનેકી હે વો કોઇ મિથ્યા કર શકતા નહીંહે, ઉસ બાસતે વો સબ કલ્પાંત મિથ્યા હે, બાસ્તે સોચ મતી કરના.

પ્રવેશ ૭ મો પડદો પડે છે.

સ્થળ કનકદેવીનો મેહેલ.

ખેંગારસીંહ—કનકદેવી—કમળાદેવી—સુર્યરામ—રણજીતસિંહ અને રતનસિંહ.

ખેંગારસિંહ—કેમ વારૂ ! હવે આપણી કનકદેવી વરવા યોગ્ય થઇ છે તો તેને માટે લાયક વર શોધી કહાડવો જોઇએ.

કમળાદેવી—હાં હવે તે પુખ્ત ઉમ્મરે પહોચી છે

માટે જેમ બને તેમ જલ્દી કામ કરવું. હું પણ ત મને કેહેવાનીજ હતી પણ સુભાગ્યે તમે તમારી મેળેજ સંભાળ્યું એટલે સારૂં થયું.

અંગારસિંહ—(કનકદેવીને)
કેમ બેટા તારો શો વિચાર છે? હવે અમોને એમ લાગે છે કે તું વરવા યોગ્ય થઇ છે માટે તારે માટે કોઇ સારો લાયક વર શોધવો

કનકદેવી—પિતાજી આપ કહોછો એ વાત વ્યાજબી પણ હું હજુ પરણવાને યોગ્ય ઉમ્મરે પોહોચી નથી, અને તેમ છતાં આપણો ભાઇ જલદસિંહ હમણાંજ ગુજરી ગયો છે એટલે હાલતો આપણાથી કશુ ન થાય

અંગારસિંહ— સુમિત્ર સંચર્યો રે (રાહ)
વિલંબ કરૂં નહીરે પુત્રી પ્રાણથી પ્યારી એક
અધીક શું માહરેરે, ખરે હું હિંગળાંગીછું છેક
સુત માહરે નહી રે, કો આગળ જઇ ઠારૂં મન
હૃદયનો હાર છે રે, પામુ હું દેખીને આનંદ
પુત્રી મુજ લાડકીરે, શીયળ ગુણવંતી બાળે વેશ
ખોડ ખાંપણ નહીરે, અવગુણ એનામાં નહી લેશ
લાયક વર શોધુ હુંરે, જીવતર થાય સફળ મુજ આજ
પરણાવુ હું પુત્રીનરે સફળ કરૂં મુજ હૃદયનુ કાજ

(આવો ઠરાવ કરી સુર્યરામ માહારાજને બોલાવે છે અને લગનનો ઠરાવ કરવા મોકલી લગન ઠરાવે છે)

સુર્યરામ— રાગ કાફી દીપચંદી તાળ

હર્ષે પ્રણામ કરૂં રે સાહેબજી હું હર્ષે પ્રણામ કરૂં રે
દાસ આવી ઉભો આજ, ફરમાવો કરે કાજ
નથી હું દીલે નારાજરે—સાહેબજી
અતિશે આનંદ પામ્યો, ઉત્સવ તમ ગ્રહે જામ્યો
નાથ હુ દીલે વીરામ્યો રે—સાહેબજી

ખેંગારસિંહ—(ખોટી ખોટી સામળીઆ તાહરી પ્રીત માહારાજ એ રાહ)

વંદુ વંદુ હું સુર્યરામ પ્રિતે માહારાજ
કામ અત્રે પડ્યું આપનું જો
શુભ લગન પુત્રીનું નિરધારવુંજો
કાંઇ ખામી ન આવે લેસ મહારાજ—કામઅત્રે
ખુબ બુદ્ધિ ચતુરાઇ વાપરીજો
શોધી કહાડોને સુંદીર વર મહારાજ—કામ અત્રે
કુળ વિદ્યાને સદગુણ પેખવાંજો
નવ કજોડુ પુત્રિને થાય મહારાજ—કામ અત્રે

સુર્યરામ—(સાહેબજી હું આપનો હુકમ શીર ચડાવું છુ. હું કાલે સવારે તપાસ કરી આવીશ અને પછી બધી

હકીકત આપને જાહેર કરીશ એમ કહી જાય છે)

સુર્યરામ—સલામ ઠાકોર સાહેબ!

રણજીતસિંહ—કેમ મહારાજ પધારો કેમ આપનું આવવુ થયું?

સુર્યરામ—ભેંગારસીંહ અમીરે આપના પુત્ર રતનસીંહ નું માગુ કરેલુ છે તેને માટે ઠરાવ કરવાને હું આ વેલો છું કેમ સાહેબ આપની શી વૃત્તિ છે?

રણજીતસિંહ—બાઇની ઉમ્મર કેટલી છે?

સૂર્યરામ—સાહેબ ચઉદ વર્ષની, એમણે સારી રીતે અભ્યાસ પણ કરેલો છે અને શરીરે પણ ખુબ સુરત છે.

રણજીતસિંહ—વારૂ ઠીક ત્યારે કબુલ છે જુઓ જો લગ્ન કયારે આવે છે.

સુર્યરામ—સાહેબ કાલેજ, સવારના દશ વાગતે શુભ લગ્ન છે તે પરણાવી દઇએ .

રણજીતસીંહ—સારૂ ત્યારે જાઓ લગ્નની તઇઆરી કરો (સુર્યરામ જાય છે)

ભેંગારસીંહ— રાગ ઓખાહરણનો

કેમ મહારાજ શું કરી આવ્યા, શુભ શારા સમાચાર લાવ્યા

કહે અથ ઇતી સમાચાર, કેવી રીતે પાડયુ કામ પાર

સુયરામ—ગયો રણજીતસીહને ઠામ, આપ્યાં ફુલપાન વિશ્રામ

હકીકત સરવે જાહેર કીધી, બેની લગ્નની માગણી કીધી
હર્ષ પામ્યા તે સુંણી અપાર, કહે કૃપા કીધી જગતાધાર
હર્ષથી ઘડીઆંલીધાં લગ્ન સહ કુટુંબ થયાછે મગ્ન

એંગારસીંહ—(ઘડીઆં લગ્ન લીધાં જાણી સરવે સામાન તઇયાર કરે છે.)

કનકદેવી--(મનમાં કહે છે)

અરેરે હવે મારે કાંઇપણ ઇલાજ રહયો નથી. પીતાએતો મારૂ કહયુ માન્યુંજ નહી તો હવે મારે કેવી યુકિત કરવી કે જેથી હું આ પાપના પંઝામાંથી સટકી જાઉ હું તો મારા પ્રિય રૂપસીંહને પરણી ચુકીછુ. એના શીવાય મારે આ દુનિઆમાં સઘળાં ભાઇ અને બેન સમાન છે. એમ વિચારી ખાનગી રીતે સુર્યરામને મળે છે.

સુર્યરામ— અફસોસ તુ યાદ કર (રાહ)
આવોને કનકદેવી પ્રિય શું છે મારૂ કામ
પ્રયોજન આવવાનું શું છે આણે ઠામ—આવો
કરો ખુલાસો જે છે કામ બીન ધડકથી
શિઘ્ર કરૂ કાર્ય પુર્ણ હું મમતથી—આવો

કનકદેવી—માહારાજ જાણો આપ સરવ શુ કહુ કથી
અણજાણ્યું માહારાજ લેશ આપથી નથી—માહારાજ

ભરથાર રૂપસિંહ કીધા મેં ઉમંગથી
ચાહુ ન અન્ય કોઇ હવે મુજ મનથી—માહારાજ
સૂર્યરામ—રહે તું બે ઘડક પ્યારી પુત્રી માહયરી
કરેકાં શોક ટાળુ સરવ ચીંતા તાહયરી—રહે
આપુ હુ ગ્લાસ પી તુ જઇ ઘેર હરશથી
ઘેરાણ રેહેશે દીવસ ત્રણ માનો સત્યથી—રહે
કાહાવુ હું રૂપસિંહને આવે તે જલદી યાંય
જશે લેઇ તે આવી તુને પડી હશે જ્યાંય. રહે

સુર્યરામે પ્યાલો ભરીને દવા આપી જે લેઇને કનકદે વી પોતાના ઘર તરફ વળી. અને પછી એ દવા પોતે ચુપકીથી પી ગઇ જેથી તે સાડાત્રણ દીવસની નીંદ્રાને વશ થઇ ગઇ)

રણજીતસિંહ—પોતાના પુત્રના શુભ લગ્નનો દીવસ આવ્યેથી સ્વારી સહીત રતનશીંહને પરણાવવા લેઇ જાય છે તેનું બ્યાન.

શુભ લગ્ન દીવસ મહાવદિ સાતેમને શનીવારે મહોત્સવ થઇ રહ્યો હતો આ દીવશેં શેહેરમાં સોનાનો સુરજ ઉગ્યો અને મોતીનો મેહ વરસ્યો, આકાશ અવની એક એકને અડકેલાં દેખાતાં હતાં ત્યાં સુધી ડેરા તંબુઓની સીધી હારો, રાવટીઓ અને માંડવાઓ, ચો દીશાએ દેખાતા હતા, કોઇક જગ્યાએ હાથી પોતા

નો સુંઢ હલાવતા ડોલી રહ્યા હતા, અને તેમના ઉપર સોનેરી કસબની ઝુલો ઝુકાવી દીધી હતી, કોઇ જગોએ ઘોડાઓ ફુંખારતા સંભળાતા હતા તે જાણે દૂરથી નૃત્ય કરતા હોયની તેમ લાગતા હતા. રથના સોનેરી કળશ સુર્યના પ્રકાશને લીધે ચળકી રહ્યા હતા. દેશના અમીરો દેશાઇ જમીનદારો, શ્રિમંત વેપારીઓ વિગેરેનો મોહોટો સમેયો ભરાયો હતો, વિદ્વાન બ્રાહ્મણો, ભાટ, ચારણ વિગેરે આવી પોતાની ચાલાકી જણાવતા હતા. આ સર્વ સભાની વચ્ચે રતનસીંહનો રથ શોભી રહ્યો હતો. રથ ઉપર કીનખાબની પતાકા પવનની લેહેરમાં ઉડી રહી હતી. આવા ભારે દબદબાથી અને જુદા જુદા રાગનાં વાજીંત્ર શાથે રતનશીંહ પોતાની પ્યારી કન કદેવીને જાણે ઊંઘમાંથી ઉડાડવાને આવતો હોય તે પ્રમાણે સવારના પહુરમાં લગ્નમંડપ આગળ આવ્યો. આ વખતે રણજીતશીંહે બ્રાહ્મણ, ભાટ, ચારણાદી વર્ણોને પ્રવ્ય દાન કરવામાં કાંઇપણ કસર રાખી નહી.

(આ વખને વર તરફનાં ગીત ગાય છે.)

કેવા ચંદ્રમા છે ઉજળા મેંઘા ડંબર ગાજે
કેવા રતનશીંહ કુળવંતા મેઘાડંબર ગાજે
એણે કેવી કહાડી છે ભડરે મેઘાડંબર ગાજે
શ્વસુર પક્ષનાં વાડશે નાક ઝડરે મેઘાડંબર ગાજે

દખો ફુવાછે તેજ એહરે મેઘાડંબર ગાજે
એતો વેરીને કરશે સડરે મેઘાડંબર ગાજે
પીળુ પીતાંબર પહેરીઉ મેઘડંબર ગાજે
રૂઇડુ સુંદર કેશીનું હરીઉ . મેઘાડંબર ગાજે

(આ પ્રમાણે ગાતાં ગાતાં કનકદેવીના ઓરડામાં જાય છે તો તેને લાંબી થઇ સુતેલી દખે છે. અને બોલાવવાથી જવાબ નહી મળ્યો કે કળારોળ થઇ રેહે છે.)

પ્રિય ભાઇઓ આ વખતે રતનશીંહની ઉમેદ કેવી રીતે ભંગ થઇ, તેના રંગમાં કેવી રીતે ભંગ થઇ ગયો, અને તેની પ્યારી અર્ધાંગનાનું કેવી રીતે અકસ્માત મરણ થયું અને તેથી તેને કેટલો અને કેવી રીતે શોક થયો હશે તેનો વીચાર કરવા વાંચનાર સાહેબોને જ હું સોંપુછું.

રતનસિંહ— રાગ. રામગ્રી

(પ્રાણ નાથ મીત્ર માટે તો)

હાયે રે હૈયાનો હાર કયાં ગયો, છોડી ચાલ્યો સ્વધામ.
વિલાપ કરતો મુજ સાથીડો, ફરેછે આમેભાનં હાયેરે
હાયે કયાંયરે જાઉને હવે શું કરૂ, કયાં હું કરૂ જઇ વાસ
જાન હાયે મુજ કયાં ઉડી ગયો, કોણે કીધેલ નાશ. હાયેરે
હાયેરે ઉમેદ મુજ મનની, ભંગ કરી કીરતાર,
દુઃખનો દરીઆવ ઢોળી પડયો, હાયે મુજપે અપાર. હાયેરે

હાયે ગભરાયે જીવ માહરો, મુજ હ્રદય બેહાય;
જીવ એક પલમાં જાશે વહી, નીર વહેછે ચોધાર. હાયેરે
પ્રભુપરે કોપ્યો હાયે મુજપરે, શાં મેં કીધેલ પાપ;
ભંગ થયો હાયે મુજ રંગમાં, દુઃખ પડીઉ અમાપ. હાયેરે
હાયે ઇશ્વરારે કેમ કોપીઓ, કેમ થયો અતીક્રુર;
લઇ પ્રિય પ્રમદા દુઃખી કર્યો, જીવ જાશે જરૂર. હાયેરે

શૃંગારસિંહ—

લલીતછંદ.

અરર પ્રિય તું પુત્રી માહ્યરી, થઇજ શી દશા હાયે તાહ્યરી
ગઇતુ દુઃખિઓ મુજને કરી, કરી નીરાંત તું સ્વર્ગ જઇઠરી.
શું તને ગમ્યું હાયરે હરી, થઇજ શી દશા હાયે તાહ્યરી;
રખડતાં મુકયાં માત તાતરે, દુઃખ તણી પડી શીર વાટરે.
પ્રિય તું પોપટી કયાં ઉડી ગઇ, થઇજ શી દશા હાયે તાહ્યરી.

કમળાદેવી—અરે પ્યારી કુમારીકા જે વસ્તુઓ તારા લગનની ક્રિયા કરવાને આણેલી છે તે હવે મરણ ક્રિયામાં વપરાશે. હાયરે લાડકડી લગનના ઉત્સવની જગ્યાએ હવે તારી પાછળ મરણની ત્યારી કરશું અરે વાહાલી પુત્રી લગન ગીતની જગ્યાએ હવે તારી પાછળ હમે રાજીઆ અને મરશીઆ ગાવશું. જે પુષ્પ તારા લગન વખતે રસ્તામાં વેરવાને આણ્યાં છે તે તારા શબ ઉપર હવે પાથરશું. અ

ને જો ગોર તારૂં લગ્ન કરવાને બોલાવ્યો છે તેજ ગોર હવે તારી મરણું ક્રિયા કરશે.

(હવે કનકદેવીને લઇ જઇને ઘોરમાં મુકી અને મ ણું ક્રિયા કરી સર્વ પોતાને ઠેકાણે થાય છે.)

પ્રવેશ. ૮ મો

પડદો પડે છે

સ્થળ સ્મશાન.

રૂપશીંહ-રતનશીંહ-કનકદેવી-સુર્યરામ-જમાદાર—અને બન્ને કુટુંબના સર્વે ગ્રહસ્થો તથા રાજા.

રૂપસિંહ રાગ હોરી,

પ્યારી બીન વ્યર્થ હે જીના. હે જીના પ્યારી.

ખાના પીના પસન નહી આવે, જાવે જીવ હમેરા,
પ્યારી પ્યારા જીયા તલપતહે, રહેગા દુનીયામેં ફેરા.
એસા બડભાગ્ય હે મેરા, પ્યારી

મૃદંગ ઢોલ સતાર બજાવે, ગાવે હોરી દીન સારા.
તબ જીયાકુ ચૈન પડત નહી, લાગે ન બાજીંત્ર પ્યારા
કર્મ કયા નાપાક કરાયા પ્યારી

દેખ કુંજન સમખીકી રસીઆ, બોલે કોયલ ન્યારા ન્યારા.
પુરપ સુવાસીક દીલ સુખકારી, લાગત હમસે જી ખારા
ચલે નર ને જલધારી. પ્યારી

માસ બસંત વો ચલત જાતહે, પંછી કરેરે લસેસ.
બીનમીયા સુખકેશે હોવે, માને નઅપત મેરા
લગાના જંગલ ડેરા. પ્યારી

(સુર્યરામના. બેપીયાએ જઇને પત્ર આપતા પેહેલાં રૂપશીંહને કનકદેવીના મરણની ખબર મળી, જેથી તે પોતાની દીલોજાન પ્યારીને ઘેરમાં જઇ મળવાને વિલાપ કરતો કરતો નીકળ્યો.)

રૂપશીંહ—

બેડો બાઇ બુડતો તારોરે—(રાહ)

હાયે મુજ હ્રદય નીવાસીરે, બનીતુ સ્વર્ગ વાસીરે,
હાયે જગતપતિ કોપ કીધો તેં,
દુ:ખનાં ઉગ્યાં શીર વૃક્ષ.
પ્રાણ પ્યારીનો વિયોગ કરાવ્યો,
જઇ મરૂ તેની સમક્ષ. અરે મુજ
વિશ્વાસઘાત કીધો પ્યારી મુજને,
ચાલે આંસુ ચોધાર.
હાયે હવે વ્હાર કોની કરૂ હું.
થઇ પડયો નીરાધાર. અરે મુજ
હાયે એકલડી જાતાં તને કાંઇ,
દયા ન આવી લગાર;

કહું કોને હું દુઃખ જઇ નીજ,
કહેતાં ન આવે પાર. અરે મુજ

ડુબ્યો આજ તાપ વિલાપમાં—(રાહ)
આથમ્યો ચંદ્ર આ ખલકનો, લાગે વાટ મુજને બિકાળરે
અબાધ શા કીધા તાહારો,
સંગ છોડી તુ ચાલી માહારો,
ભડકે બળે દીલતો અરે.
કરૂ કોને દુઃખ વિદીતરે. આથમ્યો
હવે કયાં જાઉને હું શું કરૂ,
મુખે પ્યારી પ્યારી તો હું ઉચરૂ;
કીધો પ્યારી તેં કાળો કેરરે,
જાણે ખાઇ હું મરૂ ઝેરરે. આથમ્યો.
દયા આવી નહીં લગારરે,
જાણે ભોકુ હૃદયે કટારરે
શીર શીળાશુંરે કુટી મરૂ,
હવે ધીરતો હૈયે કેમ ધરૂ. આથમ્યો
ચાલ્ય ઘોળીને પીઉ વીખરે,
જીવવુ પ્યારી વીણ ધીકરે;
જવું પ્યારીની પાસ તો ખરો.
પછી ત્યાગુ જીવ હું માહારો આથમ્યો
દીપ કટાર વિખ લઈને,

મરૂ પ્યારી પાસે હું જઇને:
સાસે પ્યાર પ્યારોનો અધીકરે,
ધીક ધીક આ જીવવુ ધીકરે. આથપ્યા

[રૂપશીંહ દુઃખમાં ગરક થઇ ગએલો બેભાન બની પોતાની વીયોગી પ્યારીની મુલાકાત લેવા નીકળ્યો. અને શેહેરમાં આવી ઘેર આગળ જઇ બારણાં ઉઘાડે છે. અને તેને રતનશીંહ અટકાવે છે.)

રતનસિંહ- ઓગ્લક તરીકે મલક (રાહ)
એ કોણ ઉઘાડે દ્વાર રાત અંધારી,
મહારાજ—ચોર હું મનમાં જાણું જી.
સાચેસાચી બોલ વાણકું અંતજ આણું જી,
શુ સોલંકીનો જન મંનથી આવ્યો,
માહારાજ—કનકનદેવીને સારૂજી,
વેરી કુંવરી હેરાન કરવા મન વીચાર્યું જી.
પણ ઉભો બહાર છું હાર ગયો હયાનો,
મહારાજ—તેહની રક્ષા કરવાજી.
ચાલ્યો જા છું કોણ પાધરો આવ્યો મરવાજી.

રૂપસિંહ—
જા છાનો માનો ઘેર પાધરી વાટે.
મહારાજ—મનમાં રૂકુ જાણીજી,
જો જોતામાં થઇ જશે તુજ જીવની હાનીજી,

શા કારણથી તો બહાર પડેછે ભટકવું,
મહારાજ—નથી તુજ વ્હાલી પ્યારીજી,
હેત ભાવ દર્શાવી રંગ સંગ રમીએ મારીજી,
મુખથી જો બોલ્યો બોહોત મોતતો આવ્યું,
મહારાજ—ચાહ્યો જા મુજથી બીનીજી,
હાલત જઇને પુછી આવજે જલદશી હેનીજી;
માર્યો મેં એને ઠેર વેર તો દાખ્યું,
મહારાજ—ગયો જમનીએ વાટેજી
થા તૈયાર જો જવુ હોય તો ઘડુ હું ઘટજી.
આવ્યાછો વરવા નાર તે જાતુ રહેશો.
મહારાજ—સીંહછું વનનો ચીડયોજી,
હોય જોરજો મોટા સંગે બાથજ ભીડોજી.
તે લેવા ઉભો ભેટ એટ તો થાયે,
મહારાજ—બુલાવે તુને હર્ષીજી.
જો જોતામાં તારી કરાવુ વીવાની વર્ષીજી

(આ પ્રમાણે બોલી એકદમ પોતાની તલવાર એ
ની રતનશીંહના ઉપર ઘા કર્યો તેવોજ તે મરણાધીન
થઇ જમીન ઉપર પડયો. પછી રૂપશીંહ પોતાની પ્યા
રીની ઘોર પાસે જઇને જુએ છે તો તે જાણે છવતી
પડી હોય એવી દીઠી, તેથી તે નીચે પ્રમાણે વિલાપ કરેછે).

રૂપસિંહ— કંગુ નતો મોરો કરસે-(ગાહુ)

પ્રાણ પ્યારીશ મુંને તરછોડી ગઇરે,
શું મારૂં તનમન, તુંતો ચોરી ગઇરે,
શોધી હું શીને કોડીરે, શોધુ હુ દાડી દાડીરે,
શું પ્યારીમારી નથી, ચાલી ગઇ આપથી પ્રાણપ્યારી
કયાંથી હું ખોળી કાહાડુરે, પ્રાણ હુંશે બચાવુરે,
પ્રાણની મુંને પીડે, તે દેખી મન ચીડે, પ્રાણપ્યારી
પ્યારિ ચાલી ગઇ કયારે, દેખાતી તે નથી યારે
આવતુ મુજ પાસે, કરશાન્ત સ્વામી ઉલ્હાસે, પ્રાણપ્યારી
નથી મે દુઃખ દીધુરે, આળમેં શીર લીધુરે,
મરૂં હું તુજપાસ, જીવવાની છે નહી આશ, પ્રાણપ્યારી
(આ પ્રમાણે વિલાપ કરી પોતાની પાસે ઝેર હતુ તે
પીને બોલેછે અને પોતાની પ્યારીની સોડમાં પડેછે

રૂપસીંહ— બનજારા

હય પ્રેમ પાશ દુખ ક્યારા, ભરસોચ રહે સંસારા ટેક
જયું ભઇ નહી પુરણ આશા કરના મત ફંદ તમાશા
મન છોડતું નર્ક કિનારા, ભર સોચરહે સંસારા હય પ્રેમ
દુનિઆંહે ઓત જંજાલી, મત લપટો ઉસમે ખાલી
ન્યારા હોજા મન પ્યારા, ભર સોચરહે સંસારા હય પ્રેમ
નયને દેખા સબ ખારા, હે સત્ય ભકિતકી ધારા
કર ધ્યાનતું [illegible] દિદારા, ભર સોચરહે સંસારા હય પ્રેમ
અને એટલામાં કનકદેવીને જાગૃત થવાનો વખત થાય

છે. અને જ્યારે કનકદેવી પોતાની મર્ણ રૂપી નીદ્રામાંથી જાગૃત થઇ આશ પાશ જુએછે તો તેની પાસે તેના યારનું શબ પડેલુ જોઇ વિચારેછે જે મારો દીલજાન સં સારનો સાથી ચાલી ગયો તો હવે મારે આફાની દુનિઆમાં જીવી શું કરવું એમ ધારી પોતે કટાર ખાઇ નીચે પડેછે એટલામાં સુર્ય રામ મહારાજ કનકદેવીને જાગૃત થવાનો વખત જાણી હાથમાં દીવો લેઇને આવેછે અને સહેરના લોક તથા જમાદાર વિગેરે ભરાઇ જાયછે)

જમાદાર—અરે કોન હેતુ તેરા કયાહે નામ (રાહ)

અરે દુષ્ટ એકયા કીના બુરા કામ
લીયા શીર તુઝે તો અપયશ હરામ
દીસે મુખ તુઝકા જેસા વિકાળ
બતા સચ્ચ જલ્દી આયા તેરા કાળ

સુર્યરામ—મેં નમાનુંગા નમાનુંગા—(રાહ)

નકીયા નકીયા હમને એસા કૃત્ય કભી
ચલ આતા મે તેરી સાથ. દરબારૂમે અભી
બોલુગામે સબીબ્યાન. હું ઝુરકી સામે
હેકરતા મે નહીં ચલ ગુના કીયા હે કયા મે

જમાદાર—(ચલચલ તેરા ડહાપણ રેહેનેદે, ખુનકી યા ઓર બડાઇકી બાતાં કરને લગે, કયા જુલમકી

બાત હૈ, દેખ અભી તેરેકુ બાકે જેહેમેં પુર દેતાહું એમ કહી રાજા પાસે લેઇ જાય છે.

રાજા—મહારાજજી આપ એ બીનામેં કયા જાનતે હો, વો મેરેકુ જાહેર હોના ચાઇએ.

સુર્યરામ—મહારાજજી, એ બાતકા માયના બહોત ગુહ્ય રેહેતાહૈ, કીયાકયા ઓર હુવા કયા કહુયા હૈ કે

રંડીકે યાર સદા ખુવાર.
ઘાસકે બીછાને, ઓર જુતીકા માર

એ ઝલક તેરીહૈ મલક (રાક)

એક દીન રૂપસીંહ કહે આવીને મુજને,

મહારાજ—કાજએ કરો હમારૂજી

ફગ લગન કોઇ જાણે નહી એમ કનકદેવીનાંજી

ગણેએ મુજપર પ્યાર, પાર નહી તનમાં.

મહારાજ—અંતરે સાચુ કહુછુંજી

તજબેઉ જીવ માહ્યરો વિણ કનક દેવીનાજી

ધ્યાણી વચન એહનું વીચારીઉ મુજ મનમાં

મહારાજ—બેઉ થાશે અળગાજી

પછી શત્રુતા જે અતી પીડે તે દુર થાશેજી

પરણાવ્યાં તેમને મેંપ અમી ઉલ્લાસે

મહારાજ-- પ્યાર બેઉનો જાણીજી.

રણજીતસીંહે લગન કરીઆં રતન સીંહનાંજી.

જેહે કનકદેવીશો કરીએ હવે ઇલાજ.

મહારાજ— સ્વામીએ ખોટો મારોજી.

પરણી ચુકી રૂપસીંહને અન્ય નચાકુંજી.

એ સુણી દવા મેં આપી નીંદતો આવે.

મહારાજ— દીન સાહાત્રણ સારૂજી.

જગાડે આવી રૂપસીંહ ત્યાં અચુકણેજી.

પણ ચુકી ગયો એ બખત લીણાતના લીધે.

મહારાજ— પ્યારી નીજ મરેલ દીઠોજી

મારી રતનસીંહ કટાર ખાધી પોતે આપેજી.

થયો કનક દેવીનો વખત હવે નીમેલો.

મહારાજ— જુવે જ્યાં જાગૃત થઇનેજી.

દીઠા ચાર સુતેલ પાસનીજ અચેત થઇનેજી.

એવામાં થયો ગભરાટ લોક સૌ આવ્યું

મહારાજ— સ્વામીની સાથે ગઇએજી.

લાવ્યો જમાદાર પકડી મુજને આપની પાસેજી.

રાજા—[અહોહો! એક આશુક માશુકના પ્યારને લીધે ચાર માણસોના જાન ગયા, અહો મહારાજ આ મતો ભલુકરવાને ગયા પણ ફળ ભુંડુ નીકળ્યુ, એમાં તમારો કીંચીતમાત્ર પણ વાંક નથી. એવાંક વિધાત્રીનો છે. આટલુ કહી મહારાજને રજા આપી.

—હવે રાજાને પોતાના મનમાં વૈરાગ્ય આવવાથી

કહેશેકે બસ હું આ ત્રણે જાણને જીવતાં કરૂતોજ ખ રે. એમ કહી પોતે વૈરાગ્ય ધારણ કરી ખભે ઝોળી ભરવીને જંગલમાં નીકળી પડશે. તે બીના રૂપસીંહ કનકદેવી. વિરહ નાટક ભાગ બીજામાં મુકવામાં આવશે.

રાગ—કલ્યાણ.

પ્રિય ગુર્જરો કુસંપપર હરો,
નાત જાતમાંથી દ્વેષ દુર તો કરો;
પરીણામ જે થાય દ્વેષથી દાખ્યુ નિશ્ચે આજ,
કૃપા કરીને દીઓ ધ્યાન, પ્રિયમત હોના નારાજ
પ્રિય ગુર્જરો
રૂપશીંહને કનકદેવીના થયા ભાઇ શા હાલ
જગદશીહ મારી કીધા કેવા તેના બેહાલ પ્રિય
ગયાં રાજ હિંદુ રાજાનાં જો ગણ્યો તો દ્વેષ,
હાલત કેવી થઇ પિગળી દીસે કેવા વેશ. પ્રિય
ફરે ફાંકડા બની રોફથી પકડી કરમાં સ્ટીક,
બુટ પેન્ટલુન પહેરી મોજાં કરમાં હેન્ડકર ચીફ પ્રિય
દેખાડે ભપકો ઉપરથી જાણે અકડેરાવ,
ઉદય ગણપત કહે ભાઇઓ, એમ કદી નવ થાય પ્રિય

સમાપ્ત

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકો ના મુબારક નામ.

અમદાવાદ.

રા. ડાહ્યાભાઈ હીમચંદ ..
રા. ચીમનલાલ અમ્રીતલાલ ૧
રા. ચુનીલાલ ત્રીભોવન, ૧
રા. સોફ્રીઆ. બી. નઈડુ ૧
રા. છગનલાલ જેચંદ. ૧
રા. બાપાલાલ છગનલાલ ૧
રા. વિસ્નુલાલ નટવરલાલ, ૧
રા. આણંદરાય કલ્યાણરાય, ૧
રા. ત્રીકમલાલ કુબેરજી, ૧
રા. છગનલાલ પુરસોતમ ૧
રા. વાડીલાલ કેશવલાલ ૧
રા. ચંદુલાલ બીહારીલાલ ૧
રા. જમનાદાસ બીહારીલાલ ૧
રા. છોટાલાલ છગનલાલ ૧
રા. વાડીલાલ દયારામ ૧
રા. ઇશ્વરલાલ માણીલાલ ૧
રા. કેશવલાલ માહાસુખરામ ૧
રા. અંબાલાલ ગોપાલ ૧
રા. કેશવલાલ અમથાભાઈ ૧
રા. પ્રેમચંદ ફુલચંદ ૧
રા. ગોકળભાઈ માણેકચંદ ૧
રા. મગનલાલ લલ્લુભાઈ, માસ્તર, ૧
રા. મંછારામ નગીનદાસ ૧
રા. અમ્રતલાલ ચુનીલાલ, ઝવેરી, ૧
રા. હરીલાલ અમથાસાહ ૧
રા. અમ્રતલાલ મનસુખરામ ૧
રા. મોહો લાલપાનાચંદ ૧

ગુજરાત બોર્ડીંગહાઉસ.

રા. ઉમીઆશંકર શીવશંકર ૧
રા. દલપતરામ વિશ્વનાથ ૧
રા. કુંવરજી દેવકરણ ૧
રા. ભીખાભાઇ જેભાઈ ૧
રા. ભાઇલાલ પુરૂસોતમ ૧
રા. ભુદરભાઈ સંકરભાઈ ૧
રા. ગોરધન ગોપાળદાસ ૧
રા. ખોડાભાઈ બેહેચરદાસ ૧
રા. મગનલાલ હરગોવન ૧
રા. ચુનીલાલ ત્રીભોવન ૧૦
રા. હીરાસાહ ગોપાલસીહ ૧
રા. લીલાધર ક્રશ્રારામ ૧
રા. કેશવલાલ વિઠલદાસ ૧
રા. ઓચ્છવલાલ છગનલાલ ૧
રા. ભાઈલાલ પરસદરાય ૧

સરશવાણી.

રા. છોટાલાલ ત્રીકમલાલ ૨

...લાલ દાજીભાઇ ૧
...ળીદાસ બળદેવ. ૧

ખોડકા

છોટાલાલ હીમ્મતલાલ ૩

બોરસદ.

રા. દામોદર પ્રેમાનંદ ૩
રા. વેણીગર સુખદેવગર ૧

સાવલી

રા. છગનલાલ પુરશોતમ વકીલ ૪

ખેડા.

રા. મોતીલાલ ચતુરદાસ ૧
રા. રા. જેસીંગભાઇ ગુલાબચંદ ૧
હજુરદીપોઠી ઓફીસ કલારક
રા. છોટાલાલ મનસુખરામ ૧
લોકલફંડ હીસાબ કારકુન. ૧
રા રામગોવિંદ લાલભાઇ
લોકલફંડ કલારક. ૧

ઉમરેઠ

રા. જોઇતારામ મોતીરામ ૨
રા અનોપરામ જેઠાભાઇ ૨

સાદરા

રા. હરીલાલ પ્રેમાનંદ ૨

કઠલાલ

રા. છોટાલાલ હીરાચંદ ૧

ભરૂચ

રા. વીરપ્રસાદલાલ હરીનાથ ૨

જંબુસર

રા. સોમેશ્વર સીવશંકર વઇદ. ૩
રા. ગોકળેસ્વર વીશ્નુશંકર વઇદ ૩

પેટલાદ

રા. ભાઇલાલ તુલશીરામ દવે ૨
રા. કુંદનશંકર કાશીશંકર ૪

સોજીત્રા.

રા. શંકરભાઇ હરીભાઇ પટેલ ૫
રા. હરીભાઇ વલ્લભભાઇ ૨
રા. જયંતલાલ કેશવલાલ ૧

નડીઆદ

રા. ગુણવંતલાલ માણેકલાલ ૧

ધોળકા

રા. અમ્રતલાલ મોતીરામ ૧
રા. મણીલાલ કહાનદાસ ૨

મેડીકલ કોલેજ અમદાવાદ

રા. હરીભાવસીંહ પરસાદી ૧

વીરમગામ

રા. છોટાલાલ દયાશંકર ૧

મેહેમદાવાદ

રા. ગોપાલલાલ પરભુલાલ ૧

ડાકોર

રા. કેશવલાલ પુંજાભાઇ ૧

મહુવા	ગાંધી મોહનલાલ ઈ
રા. છોટાલાલ વર્ધમાનનાથ ૧	રા. માણેકલાલ બીખ.
રાધનપુર	સુરત
રા. રા સુમેરદાન આશીયા નજી સુરતુજાખાનજી ૩	રા. રા. નગીનદાસ નરભે

જાહેરખબર.

અમે ગ્રાહકોને વિનંતી કરવામાં આવેછે કે જેઓ
હેમને આ નીચે લખેલાં પુસ્તક ખરીદવાની મરજી હોય તે
એમને નીચે મુજબ ઠેકાણેથી રોકડી કીમતે વેચાતાં મળશે.

નામ		ઠેકાણું
અમદાવાદ	શાહ અનુપરામ નરભેરામ.	ઠે. તા. ગુ. આ.
નડીઆદ	શાહ બાપુજી નરભેરામ.	ઉંઝા.

	કીમત.
રૂપસીંહ કનકદેવી	રૂ. આ. પા.
ની રમુજી નાટક ભાગ ૧ લો બાબતે	૦—૮—૦
રૂપસીંહ કનકદેવીનો બીજો નાટક ભાગ ૨ જો	૦—૬—૦

બીજાં પુસ્તકો ને ગાયનમાળા ખરીદ કરવાની ઈચ્છા હો
ય તેઓએ ઉપરના ઠેકાણે ઉપર લખી જણાવવું

શાહ. અનુપરામ નરભેરામ

નડીઆદ.

[illegible] ટપાલ ખરચ લેવામાં આવશે નહીં.